Aparajitha

# સફળતાનું બીજ

## ત્રિમાસિક સમાચારપત્રક

### ઓક્ટોબર-ડીસેમ્બર-૨૦૧૮


| ૫ રાજ્યો | ૩ ભાષાઓ | ૩૯૪૯૮ શાળાઓ | ૫૩,૦૫,૨૫૦ વિદ્યાર્થીઓ |
| --- | --- | --- | --- |









# ૨૮

અંક

ખાનગી વિતરણ માટે

| વિગત | પાના નં |
|---|---|


નમસ્તે! ............................................ ૨

જીવનકૌશલ્ય શિક્ષણ સ્વયંસેવકો ૩

વિદ્યાર્થી કે જે માર્ગદર્શક બન્યો..... ૪

ટીટીટી - શીખવાથી કાર્ય તરફ...... ૫

અમેરિકન મિત્રોની મુલાકાત........... ૫

હરિયાણામાં ઉપગ્રહની મદદથી....... ૬

ટીમ ટીમ તારે સાહસિક કેમ્પમાં.... ૬

ટીમ ટીમ તારે કિશોરાવસ્થા શિક્ષણમાં.......................................... ૬

ગુજરાતમાં ઉપગ્રહ દ્વારા............. ૭

ટીમ ટીમ તારા આર.એમ.એસ.એ. ની શાળાઓમાં................................ ૭

પડઘાઓ.......................................... ૮



અપરાજીથા ફાઉન્ડેશન
૫એ, વી.પી. રાથિનસામી રોડ બીબી કુલમ,
મદુરાઈ -૬૨૫૦૦૨
www.aparajitha.org

૦૪૫૨- ૪૩૭૫૨૫૨

info@aparajitha.org


# નમસ્તે!!

એવી કહેવત છે કે વહેતી નદી હંમેશા જીવીત હોય છે. એનું કારણ એ છે કે વહેતુ પાણી હંમેશા સ્વચ્છ રહેતું હોય છે અને ચાલુ રહેતું હોય છે. એજ રીતે એવું કહેવાય છે કે વિચારો કે જે કાર્યમાં મૂકાય છે તે મહાન કામ કરી જાય છે એવા કાર્યથી કે ઉમદા વિચારોથી નવી દિશા અને નવી પ્રેરણાનું શ્રોત ઉદભવે છે.

આ અંક તમને “થલિર થીરન થિત્તમ” ને શાળાઓમાં પહોંચવાની, બાળ વિકાસ કેન્દ્ર, સાંજના વર્ગો, વિદ્યાર્થીઓના શીબીર સ્વયંસેવકો દ્વારા તાલીમ અને ઉપગ્રહ ટેક્નોલોજી મદદરૂપ બની તે વિષય પર વિગતો આપે છે.

આ સમાચારપત્રક એવી મુસાફરી ચાલુ રાખશે, જેમાં નવા વિચારોનું નવું સ્વરૂપ નવા ક્ષેત્રોમાં અને નવી સંપાદકીય ટીમ દ્વારા દરેક રાજ્યની રજુઆત કરવામાં આવી છે. આવતા અંકથી નવી ટીમ પોતાનું કાર્ય શરુ કરશે.

હું તમારા સહકારની અને સૂચનોની અપેક્ષા સાથે વિરમું છું.

- એરિયેવલેન
વ્યવસ્થાપક

“થલિર થીરન થિત્તમ” (ટીટીટી) ૭ થી ૧૨ ધોરણના વિદ્યાર્થીઓને જીવન કૌશલ્ય અંગેના શિક્ષણ શિખવાની તક આપે છે. કે જે આધારિત છે ૧૦ જીવન કૌશલ્યનું લીસ્ટ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝશન (WHO) કે જેમણે એવા પાઠોની રજૂઆત કરી છે કે જે બાળકોને ખુશનુમા વાતાવરણમાં શીખીને પોતાને સંકળાયેલ રાખી શકે. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે હેન્ડબુકનો ઉપયોગ કરવામાં આવે છે અને શિક્ષકો તેનો ઉપયોગ કરીને બાળકોને શીખવાડે છે જયારે હાઈસ્કૂલ અને હાયર સેકન્ડરીના વિદ્યાર્થીઓને ડીવીડી દ્વારા શિક્ષણ આપવામાં આવે છે. આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓને જવાબદાર બનાવવાનો છે. જે ૨૦૦૮-૨૦૦૯માં ૫ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શરુ કરવામાં આવ્યો હતો. ૨૦૦૯-૨૦૧૦ આગળ વધારવામાં આવ્યો હતો. તામિલનાડુમાં તામિલનાડુ સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આને માધ્યમિક શાળાઓ અને ઉચ્ચતર માધ્યમિક શાળોમાં ફેલાવવામાં આવ્યો હતો. પાછળથી તે પ્રાથમિક સરકારી શાળાઓ અને ખાનગી શાળાઓમાં પણ વધારો કરવામાં આવ્યો હતો, કે જે TTT ટીટીટી માં રસ ધરાવે છે. હાલમાં તે નવો કાર્યક્રમ ૬ રાજ્યોમાં ચાલે છે - **તામિલનાડુ, ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ અને હરિયાણા.**

# જીવન કૌશલ્ય શિક્ષણ સ્વયંસેવકો

“થલિર થીરન થિત્તમ” વિશાળ જગાએ જુદી જુદી સંસ્થાઓમાં તામિલનાડુમાં કાર્ય કરે છે-પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળા અને ઉચ્ચતર માધ્યમિક શાળોમાં કાર્ય કરે છે. એનજીઓ, બાળકોની સંભાળ રાખનાર સંસ્થાઓ, વિદ્યાર્થીઓની હોસ્ટેલો, રહેઠાણ શાળાઓ, પોલીટેક્નીક્સ, કોલેજો આવા ઘણાં બધા વિવિધ માધ્યમો દ્વારા સીધા શિક્ષકો દ્વારા શિક્ષણ આપવામાં આવે છે, અથવા તો વીડીઓ દ્વારા શિક્ષણ આપવામાં આવે છે. હાલમાં જીવન કૌશલ્ય શિક્ષણ સ્વયંસેવકો સુવિધાકારો તરીકે જોડાવ્યા તે નવીનતમ છે.

**શ્વેથા** મદુરાઈની કોલેજમાં બી.કોમની બીજા વર્ષની વિદ્યાર્થીની છે. તેને **‘હું લીડર છું’** એ સ્કીમ જે સુંદર એનજીઓ છે તેના દ્વારા તાલીમ મળેલ છે. ૨૦૧૨ થી “થલિર થીરન થિત્તમ” તેમની પ્રાવૃત્તિના એકભાગરૂપ કાર્યશીલ છે. તે આ પીઅર ટિચીંગમાં સતત કાર્યશીલ રહીને કાર્ય કરે છે. ટીટીટી ના પાઠો તેઓ સમજી શક્યા છે અને તેની ઊંડી છાપ તેમના પર પડેલી છે. ટીટીટી દ્વારા તેમને વ્યવસ્થિત રીતે પ્રેરણા મળે છે.



બાળકો માટે આકર્ષણ ધરાવતા વ્યક્તિ તરીકે તે બાળકોને શિક્ષણ આપવા ઉત્સુક છે. તે ઉંડાણથી ટીટીટીના જીવન કૌશલ્યથી વાકેફ છે અને તેના આજુ-બાજુના બાળકોને તે માહિતગાર કરવા આતુર છે. પણ તે જાણતી નથી કે કેવી રીતે તેમાંથી પસાર થવું. ત્યારે તેની ઓળખાણ અથવા પરિચય ટીટીટી જે સુદર દ્વારા બનાવેલું છે તેના દ્વારા નવા વિદ્યાર્થીઓ સાથે થઈ. તેને એ ખબર પડી કે ટીટીટીના પાઠો ખાસ કરીને પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે છે. તે એ માટેની રજાની રાહ જુએ છે કે આ પાઠો તે રાજીવ ગાંધી નર્સરી શાળા કે જે સંબંદર એલાનકુલમ વિસ્તાર જે વિસ્તારમાં તે રહે છે ત્યાં તે પહોંચાડી શકે. ૨૦૧૮ ના જુલાઈથી તે જીવન કૌશલ્ય શિક્ષણ દરરોજ સોમવારે ૨૦ વિદ્યાર્થીઓને આપે છે જે ત્યાં ભણી રહ્યા છે.

**શ્વેથા**ના આ પ્રયત્ને જયસૂર્યા નામના બીજા વિદ્યાર્થીને પણ પ્રેરણા આપી કે જે બી.એસ.સી. ના બીજા વર્ષમાં અભ્યાસ કરે છે. તે પોતાની જાતને 'હું લીડર છું.' તે કાર્યક્રમમાં પોતાનો રોલ ભજવવા માટે તૈયાર છે. તે પોતાનો સમય ખાનગી ટ્યુશન એવા વિદ્યાર્થીઓ ને આપે છે કે જે ૧ થી ૮ ધોરણમાં અભ્યાસ કરે છે, તેમના ઘરમાં સાંજના સમયે ભણાવે છે. તેઓ ઓગષ્ટ ૨૦૧૮ થી આ જીવન કૌશલ્ય કાર્યક્રમમાં જોડાયા છે.

આ વિદ્યાર્થીઓથી પ્રેરણા મેળવીને, સુંદરે 'જીવન કૌશલ્ય શિક્ષણ સ્વયંસેવકો' કાર્યક્રમ શરુ કર્યો છે અને વધારે યુવાનોને તેમાં સાંકળવાનું આયોજન કરેલ છે. જીવન કૌશલ્ય શિક્ષણનો રથ તે સ્વયંસેવકો જેવા કે શ્વેથા અને જયસૂર્યા જેવા વ્યક્તિઓની મદદથી આગળ વધી રહ્યો છે. આ કાર્યક્રમ બીજા સ્વયંસેવકોના પ્રયત્ન દ્વારા આગળને આગળ વધારે વધી શકશે.

**- એન ગાયત્રી**

## વિદ્યાર્થી જે માર્ગદર્શક બન્યો

મદુરાઈની **સીડ** એક એનજીઓ છે જે કરૂમપલાઈ ના ઝૂંપડામાં સ્થિત છે. એક નમૂનાની તાલીમનું સેશન ૪થી ઓગષ્ટ ૨૦૧૮ ના રોજ ૩૦ સ્વયંસેવકો જે ત્યાં કાર્ય કરતા હતા તેમને આપવામાં આવ્યું હતું. અપરાજીથાની એક કાર્યકર્તાએ એક પાઠ લેવાની શરુઆત કરી અને ત્યારબાદ તેમણે સ્વયંસેવકોને સોંપી દીધો અને પ્રોત્સાહિત કર્યા.




**વિંધ્યા** કે જે બીજા વર્ષની બી.એ.ની વિદ્યાર્થીની છે તે આગળ આવી અને તેણે પાઠ પૂરો કર્યો. જયારે તેને પ્રશ્ન પૂછવામાં આવ્યો કે કઈ બાબતે તને પડકાર ઝડપી લેવા માટે આકર્ષિત કરી ત્યારે તેણે હસીને જવાબ આપ્યો કે 'જયારે હું આઠમા ધોરણમાં અભ્યાસ કરતી હતી ત્યારથી "થલિર થીરન થિત્તમ" ના પાઠ **સીડ** માં હું શીખી છું. 'આ બાબતે મને આ પાઠ શરૂ કરવાનો આત્મવિશ્વાસ વધાર્યો. તેના મિત્રો અને સહાધ્યાયીને કલીશ્વરી (પ્રથમ વર્ષ બી.એસ.સી) અને મેકાથી નીલાવું (પ્રથમ વર્ષ બી.કોમ) ટીટીટી ના પાઠ સીડ ના વિદ્યાર્થીઓને ભણાવે છે.

## ટીટીટી- શીખવાથી કાર્ય તરફ

જયારે અરુણાદેવી એમ.એ.એન.યુ. ઉચ્ચતર માધ્યમિક કન્યાશાળા મદુરાઈમાં શિક્ષક હતા, તેઓ જયારે નવમા ધોરણના વર્ગખંડમાં દાખલ થયા ત્યારે તેમણે વપરાયેલા કપડાઓનો સેટ વ્યવસ્થિત રીતે ગોઠવાયેલો ખૂણામાં પડેલો જોયો. જિજ્ઞાસાથી તેમણે જાણવાનો પ્રયત્ન કર્યો કે કપડાઓ શા માટે ત્યાં મૂકેલા છે. તે માટે તેમણે વિદ્યાર્થીની વિષ્ણુપ્રિયાને પૂછ્યું. ઐશ્વર્યાલક્ષી, જોયપ્રિન્સી, મોનીકા અને પદમાપ્રિયા ઉભા થયા અને કહ્યું કે તેઓને ટીટીટી ના દાનના પાઠથી પ્રેરણા મળી છે કે વપરાયેલા કપડાં આપી દેવા પરંતુ કોને દાનમાં આપવા તે માટે ચોક્કસ ખાતરી નથી. તેઓએ ઉમેર્યું, 'અમે તમારી સાથે આ બાબતની ચર્ચા કરવા માગતા હતા અને તેમાંથી યોગ્ય માર્ગ મળે તે માટે પ્રયત્ન કરવા માગીએ છીએ.' પછી શિક્ષકે જેમને જરૂર હતી તેવા લોકોને આ કપડા આપી દીધા. શિક્ષકે પાછળથી જાહેર કર્યું કે “થલિર થીરન થિત્તમે” વિદ્યાર્થીઓ પર એવી અસર પાડી છે કે જે વિદ્યાર્થીઓ સહૃદયતાપૂર્વક તેને કાર્યમાં અનુસરવા માંગે છે કે જે તેમણે શીખ્યું છે. આ એક ઉત્તમ ઉદાહરણ છે કે જે તેઓ વર્ગમાં શિખ્યા છે તે તેમણે ખરેખર જીવનમાં અને કાર્યમાં ઉતાર્યું છે. મને ખાતરી છે કે તેમનું આ પ્રકારનું વર્તન તેમનામાં ઘણા બધા હકારાત્મક બદલાવ લાવશે અને તેઓ આગળ પણ એવા કાર્ય કરશે કે જે આ કૌશલ્યો અને મૂલ્યોની કદર કરી શકશે.



## અમેરીકન મિત્રોની મુલાકાત

ક્રિસ્ટોફર એલ ઓવન કે જે માસ્ટર ઈન બીઝનેસ એડમિનિસ્ટ્રેશનનો એર્બ સંસ્થા કે જે મિશિગન યુનીવર્સીટીમાં આવેલી છે તેનો વિદ્યાર્થી છે. તે મદુરાઈમાં અભ્યાસ અર્થે અને નિરીક્ષણ અર્થે આવેલ છે. તેઓ “થલિર થીરન થિત્તમ”ના મૂલ્યોથી આકર્ષિત થયા. તેમણે અહીંના વિચારો તેમના ભાઈ જોસેરુ કે જે યુ.એસમાં ગણિતના શિક્ષક છે તેમની સાથે ચર્ચા અને વિચાર વિમર્શ કર્યા, તેઓ ભેગા થઈને કે.કે.પ્રાથમિક શાળા અને હાઈસ્કૂલમાં ૨૭-૭-૨૦૧૮ ના રોજ મુલાકાતે આવ્યા. તેઓએ સહધ્યાયીઓ, આચાર્ય, શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે “થલિર થીરન થિત્તમે”ના અસર વિશે ચર્ચા કરી કે યુવાનો પર તેની શી અસર પડે છે. તેની માહિતી અથવા ફીડબેક નીચેની લિંકનો ઉપયોગ કરીને તમે જોઈ શકો છો.

https://youtu.be/Y0FqNFak5b4 .

**-એમ. સેંથિલકુમાર**

## હરિયાણામાં ઉપગ્રહ દ્વારા

ટીમ ટીમ તારે કે જેની હિન્દી આવૃત્તિ ટીટીટી છેલ્લા શૈક્ષણિક વર્ષમાં ઉપગ્રહ ટેક્નોલોજીની મદદથી પ્રસારિત કરવામાં આવી હતી. તેમણે એવો આદેશ બહાર પાડવામાં આવ્યો છે કે ૨૧-૮-૨૦૧૮ થી આ કાર્યક્રમ આ શૈક્ષણિક વર્ષમાં પણ પ્રસારીત કરવામાં આવે. તેથી, ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે સવારે ૧૦-૦૦ વાગ્યાથી ૧૧-૦૦ વાગ્યા સુધી દર બુધવારે અને શનિવારે પ્રસારિત કરવામાં આવે. આ વર્ષના અંત ભાગ સુધીમાં ૩૯ પાઠો તેમને પ્રદર્શિત કરવામાં આવશે. જેના પરિણામે ૧૨૦૦૦ શાળામાંથી ૧૨,૬૦,૦૦૦ વિદ્યાર્થીઓ જીવન કૌશલ્ય શિક્ષણનો લાભ લેશે. સપ્ટેમ્બર ૨૦૧૮ માં ૭ કાર્યક્રમો પ્રસારિત કરવામાં આવ્યા હતા.

## ટીમ ટીમ તારા સાહસિક શિબિરમાં

૧૬ મી સપ્ટેમ્બર અને ૩૦ મી નવેમ્બર ૨૦૧૮ દરમ્યાન ૭ સાહસિક કેમ્પનું આયોજન કરવામાં આવેલું, કે જેનું સંચાલન હરિયાણા સરકારનાં શૈક્ષણિક વિભાગનાં જે નેશનલ યુથ એડવેન્ચર ઈન્ટિટ્યૂટ, કે જે પલવાલ જીલ્લાની ગધપુરી સીટીમાં આવેલી તેના દ્વારા કરવામાં આવેલ છે. આ શીબીર દ્વારા વિદ્યાર્થીઓમાં શારીરીક, માનસિક, લાગણીશીલ તંદુરસ્તીનો વિકાસ થાય અને તેઓમાં જાગૃતતા આવે તે રીતે મદદરૂપ થઈ શકશે. આ બન્ને શીબીર કે જે સપ્ટેમ્બર ૧૬ થી ૨૦ અને ૨૪ થી ૨૮ માં થયેલ છે તેમાં ૬૦૦ જેટલા વ્યક્તિઓએ ભાગ લીધો. જેના દ્વારા તેમનામાં માનસિક અને લાગણીશીલ જાગૃતતા આવે તે માટેનો પ્રયાસ કરવાનો છે કે જે ટીમ ટીમ તારેના પાઠ દ્વારા શીખવાડવામાં આવ્યુ.

## ટીમ ટીમ તારા કિશોરાવસ્થા શિક્ષણમાં



ભારત સરકાર, માનવ સંશાધન વિકાસ મંત્રાલય (એમએચઆરડી) અને નેશનલ એઇડ્સ કન્ટ્રોલ ઓર્ગેનાઇઝેશન (એનએસીઓ) આ સંસ્થાઓ સાથે મળીને કિશોર-કિશોરીઓ માટે શૈક્ષણિક કાર્યક્રમ બનાવેલ છે. આ કાર્યક્રમનું દરેક રાજ્યમાં શિક્ષણ વિભાગ દ્વારા અમલીકરણ કરવાનું નક્કી કરાયેલ છે. સાહસિક શીબીર કે જે નેશનલ યુથ એડવેન્ચર ઇન્ટીટ્યૂટ પલવાલ જીલ્લો હરિયાણા જે ગધપુરીમાં આવે છે. ત્યાં સપ્ટેમ્બર ૨૪ થી ૨૭ સુધી ૧૯૬ શાળામાંથી ૩૯૨ શિક્ષકો આવેલા હતા તેમને તાલીમ આપવામાં આવી અને તેમને ટીમ ટીમ તારેના પાઠ શીખવાડવામાં આવ્યા.

**- નાન્કી સલુજા**

## ઉપગ્રહ દ્વારા ગુજરાતમાં શિક્ષણ




હરિયાણા અને રાજસ્થાનમાં ગયા શૈક્ષણિક વર્ષથી ટીમ ટીમ તારાનાં પાઠો ઉપગ્રહ દ્વારા પ્રસારીત કરવામાં આવ્યા છે ત્યારબાદ તેના અનુસંધાનમાં આ વર્ષે ગુજરાતમાં પણ ટીમ ટીમ તારાના પાઠોની ગુજરાતી આવૃત્તિ, ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ઉપગ્રહ મારફતે પ્રસારિત કરવામાં આવ્યા છે.

ટીમ ટીમ તારાના પાઠ દ્વારા દરેક બુધવારે સવારે ૬ થી ૮ ધોરણના વિદ્યાર્થીઓ માટે 'વંદે ગુજરાત' ચેનલ ૬, ૭ અને ૮ પર એક કલાક માટે પ્રસારિત કરવામાં આવે છે. ત્યારબાદ આજ કાર્યક્રમ ગુરુવારે બપોરે એક કલાક માટે પુનઃ પ્રસારિત કરવામાં આવે છે. અત્યાર સુધીમાં ૨૬,૫૦૦ શાળાના ૩૯,૭૫,૦૦૦ વિદ્યાર્થીઓ જીવન કૌશલ્ય શિક્ષણ આ અભિગમ દ્વારા પ્રાપ્ત કર્યું છે. સૌપ્રથમ આ કાર્યક્રમ ૩૦ ઓગષ્ટ ૨૦૧૮ના રોજ પ્રસારિત કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સપ્ટેમ્બરના અંત સુધીમાં ટીમ ટીમ તારાના ૧૨ પાઠ પ્રસારિત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ આ પાઠ દ્વારા ખુબજ રસપ્રદ રીતે સમજ્યા. શાળાઓમાં થોડા વિદ્યાર્થીઓ બીજા વિદ્યાર્થીઓને સરળતાથી સમજવા માટેનો પ્રયત્ન કર્યો.

## ટીમ ટીમ તારા આરએમએસએ શાળાઓમાં

ગુજરાતમાં આશરે ૭૩ મોડેલ શાળાઓ અને ૨૦ માધ્યમિક શાળાઓ છે જે રાષ્ટ્રિય માધ્યમિક શિક્ષા અભિયાન અંતર્ગત ચાલે છે. પાછલા શૈક્ષણિક સત્રમાં આ શાળાઓને ટીમ ટીમ તારા કાર્યક્રમથી પરિચિત કર્યા હતા. તેમના વર્તન અને વ્યહવારમાં હકારાત્મક બદલાવ જોવા મળ્યો છે. આ રીતે ટીમ ટીમ તારા કાર્યક્રમે આર.એમ.એસ.એ. અંતર્ગત ૫૦૦ મોડેલ નિવાસી શાળાઓમાં પણ પ્રવેશ કર્યો છે. અનુવર્તી તરીકે, આ શાળાઓમાં કામ કરતા ૩૨૦ શિક્ષકોને તાલીમ આપવામાં આવી છે જેમાં પાટણ (જુલાઈ ૨૧), ગ્રામીણ અમદાવાદ (જુલાઈ ૨૪), બનાસકાંઠા (ઓગસ્ટ ૨), આણંદ (ઓગસ્ટ ૧૧), વડોદરા (ઓગસ્ટ ૨૭) અને મોરબી (ઓગસ્ટ ૩૧) તારીખે હતી.

**- ક્રિષ્ના પટેલ**

# પડઘા

તમારા ભગીરથ કાર્ય માટે તમને ખૂબ અભિનંદન પાઠવીએ છીએ.

**-ડૉ. હરિપ્રિયા અરવિંદ**
વડા - કેટ્રેક્ટ સેવાઓ,
અરવિંદ આઈ હોસ્પિટલ
મદુરાઈ, તમિલનાડુ

અદભૂત વિકાસ ! આ તમારા અદભૂત પ્રયત્ન અને તેના કાર્યનું પરિણામ છે. તમારા ભવિષ્યના સાહસ માટે તમને શુભેચ્છા પાઠવીએ છીએ.

**કે. સારથી**
આચાર્યશ્રી
સુંદરમ મેટ્રિક્યુલેશન ઉચ્ચ માધ્યમિક શાળા
અવિયુર. તમિલનાડુ

ખુબ જ સારો પ્રયત્ન, મારું સ્વપ્ન સાકાર થયું છે. બાળકોના ચેહરા પર સ્મિત જોઈ અને તેમને સક્રિય ભાગ લેતા જોઈ મને ખુબ ખુશી થઈ.

**નાન. નારાયનન**
એચઆર કન્સલ્ટન્ટ
મદુરાઈ, તમિલનાડુ

ટીમ ટીમ તારા વડના વૃક્ષની જેમ ફળી રહ્યું છે. વર્ષ પુરૂ થતામાં અમે વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં વડોદરા જીલ્લામાં બદલાવ થયેલો જોઈ શકીએ છીએ, કે જે બીજા રાજ્યમાં પણ એક ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડી શકે છે. ઊનાળામાં જે રીતે ગુલમહોરનું ઝાડ છાંયો આપે છે તેજ પ્રમાણે મને આનંદ થાય છે ટીટીટી વિદ્યાર્થીઓ માટે છે અને તે બીજા પર અસર પાડી શકે તેમ છે.

**ડૉ.એમ.એન.પટેલ.**
ડીસ્ટ્રીકટ પ્રાયમરી એજ્યુકેશન ઑફિસર,
જિ.વડોદરા,ગુજરાત

અપરાજીથા ફાઉન્ડેશને એવું કાર્ય કરે છે કે જે પ્રવુતિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં નૈતિક મૂલ્યો અને અનુભવોની વહેંચણી દ્વારા અસરકારક કાર્યની અસર ઉપજાવી શકે છે. શૈક્ષણિક ચેનલ દ્વારા પ્રસારિત થતા કાર્યક્રમમાંથી ગુજરાતના વિદ્યાર્થીઓને પ્રેરણા મળે છે.

**શ્રી પંકજ**
બ્લોક રિસોર્સ કો-ઓર્ડિનેટર,
જિ.ગાંધીનગર, ગુજરાત

એક બાબત ચોક્કસ માનવી પડશે કે 'સફળતાના બીજ' અસરકારક બીજનું વાવેતર કર્યું છે. ઉનાળાના શિબીરમાં જે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો તેમનામાં અદભુત ઉત્સાહ જોવા મળ્યો. તમારી આ સેવા આગળ વધતી રહે તે માટે અંતરથી શુભેચ્છા પાઠવીએ છીએ.

**આર.શેનબગાદેવી**
મેનેજર,
અપરાજીથા,
મદુરાઈ, તમિલનાડુ